શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રહ્મસમાજ

(શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસે બ્રાહ્મણ મિત્ર મંડળ)

ટ્રસ્ટ નોંધણી નંબર એ-૨૪૨૦, અમદાવાદ તારીખ : ૨૭-૯-૧૯૭૪

મોનેક્ષ માર્કેટીંગ, પહેલોમાળ, સંઘવી ચેમ્બર્સ, પોલીસ સ્ટેશન પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ફોન : ૦૭૯-૨૬૪૨ ૫૭૮૦

પરિપત્ર

તા.: ૧૪/૦૯/૨૦૨૧

સુજ્ઞ સભ્ય શ્રી,

જ્ઞાતિના સર્વે સભ્યોને તથા પરિવારને આવનારા નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છા. આપ સર્વેને નવું વર્ષ આરોગ્યમય આનંદમય અને વિકાસશીલ રહે તેવી અમારી શુભકામના.

તારીખ ૩૦/૦૮/૨૦૨૧ના રોજની સામાન્ય સભા અને ઈનામ વિતરણ વાર્ષિક ઉત્સવમાં આપ સર્વે મોટી સંખ્યામાં આનંદ અને ઉત્સાહના વાતાવરણમાં હાજરી આપી તે માટે ખૂબ જ ધન્યવાદ કાર્યક્રમ દરમ્યાન કોઈને નાની-મોટી અગવડ પડી હોય તો તે માટે અમો દીલગીરી વ્યક્ત કરીએ છીએ.

વર્ષ દરમ્યાન આપણી પરંપરા મુજબ જે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ તે અંગે નીચે મુજબ નક્કી થયેલ છે. સૌ સભ્યો તથા તેમના પરિવારોને મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા ભાવભર્યુ આમંત્રણ છે. આ કાર્યક્રમોની જાહેરાત સામાન્ય સભામાં કરી છે પરંતુ જે સભ્યો અજાણ હોય તે સૌ નોંધ લે તેવી વિનંતી.

જ્ઞાતિના સભ્યો અને તેમના પરિવારો માટે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કર્યું છે. આપ સૌ મોટી સંખ્યામાં ભાગ લો તે માટે પ્રેમપૂર્વક નિમત્રણ પાઠવીએ છીએ.

અમારી અપીલના અનુસંધાને સમાજના ૭૮ સભ્યોએ ઓફિસ ખરીદવા અનુદાન આપ્યું છે. આપણી મંજીલ હજી ઘણી દૂર છે. બાકી રહેલા સભ્યોને નમ્ર અપીલ કરીએ છીએ કે આપનું અનુદાન/ડોનેશન જલદી આપી સમાજના કાર્યમાં સહાય કરે.

વાર્ષિક સ્નેહમિલન અને ગરબા તથા સાંસ્કૃતીક કાર્યક્રમ

આપણા મંડળની પરંપરામુજબ દર વર્ષે માતાજીની આરતી સાથે યોજાતો રાસ ગરબા કાર્યક્રમ આ વર્ષે તારીખ ૨૫/૧૦/૨૦૨૧ ને રવિવાર ના રોજ સાંજે ૫-૦૦ વાગે **શ્રી કામનાથ મહાદેવ મંદિર પટાંગણ/હોલ, નવરંગપુરા, લોયલા સ્કુલ સામે, દર્પણ છ રસ્તા, અમદાવાદ,** મુકામે યોજવાનું નક્કી કરેલ છે. આપણા સમાજના અનેક યુવાઓ અને બાળકોની પ્રતિભા બહાર લાવવા અને તેમને પ્રોત્સાહીત કરવાના હેતુ સાથે આપણે ગરબા કાર્યક્રમ દરમિયાન ખાસ સાંસ્કૃતીક કાર્યક્રમ મુજબના એક કે વધુ કાર્યક્રમમાં ઉત્સાહ સાથે ભાગ લે તેવી આશા છે. તેમનું વર્ણન નીચે મુજબ છે. ૧. ગીત ગાવું, ૨. કોઈ પણ પ્રકારનું વાદ્ય વગાડવું, (ગીતાર, કી-બોર્ડ વિગેરે), ૩. સોલો ડાન્સ, ૪. ગ્રુપ ડાન્સ, ૫. કોમેડી, મીમીક્રી, ૬. ડ્રામા અન્ય કઈ પણ કરી શકે છે. ઉપરના કોઈપણ પ્રકારનાં પરફોમન્સ માટે પાંચ થી સાત મિનીટ ફાળવવામાં આવશે તથા તેની તૈયારી પોતાની જાતે કરવાની રહેશે. (દા.ત. ગીત લાવવું, કોઈ પણ વાદ્ય લાવવું વિગેરે) આપણી યુવા પેઢી અને બાળકો આગળ આવી આ કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવે તેવી આશા રાખીએ. મર્યાદિત સમયને ધ્યાનમાં રાખતા રજીસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે તા. ૨૦/૧૦/૨૦૨૧ પહેલા શ્રી તેજસભાઈ એસ. દવેનો વધારે માહિતી માટે સંપર્ક કરવો મો. ૯૮૭૯૪ ૨૬૬૪૪. બાળકો, બહેનો તથા ભાઈઓ એમ સૌને વેશભુષા તથા સ્ટાઈલ જોઈ ઈનામોથી પ્રોત્સાહીત કરવામાં આવશે તો સૌ અવશ્ય હાજર રહે તેવી વિનંતી છે. કાર્યક્રમ બાદ ભોજનની પણ વ્યવસ્થા સૌ માટે કરવામાં આવી છે. તે માટેના પાસ નીચેના કોઈપણ સભ્યો પાસેથી તા. ૨૦/૧૦/૨૦૨૧ પહેલા લઈ લેવા.

ધાર્મિક પ્રવાસ

આ વર્ષે તા. ૧૦/૦૧/૨૨ ને રવિવારેના રોજ બહુચરાજી મંદિર, મોઢેરા (મોઢેશ્વરી માતા), ઐઠોર ગણપતી મંદિર તથા ઉંઝા ઉમિયા માતા મંદિરના પ્રવાસનું આયોજન કરેલ છે. જેમાં એ.સી. બસનું આયોજન કરેલ છે. જેમા સવારે ચા-પાણી, નાસ્તો, બપોરનું ભોજન તથા બપોરે ચા તથા સાંજનું ભોજન રાખેલ છે. જેમાં વ્યક્તિના રૂા. ૧૦૦૦/ વ્યવસ્થાના ભાગ રૂપે લેવાનું નક્કી કરેલ છે. આખા દિવસના પ્રવાસથી જ્ઞાતિના સભ્યોમાં આત્મીયતા વધશે. તો જેમ બને તેમ જલદી નીચેના કોઈ પણ સભ્યો પાસે નામ નોંધાવી અને મોબાઈલ નંબર લખાવી દેવા વિનંતી. બાકીની માહિતી એસ.એમ.એસ / વોટ્સએપ દ્વારા જણાવવામાં આપશે.

વાર્ષિક સમૂહ ધાર્મિક કાર્યક્રમ - હોમાત્મક નવચંડી યજ્ઞ

દર વર્ષ એક ધાર્મિક ઉત્સવ વૈવિધતાપૂર્ણ રીતે ઉજવી સૌ શ્રધ્ધાવાન કુટુંબો સક્રિયપણે ભાગ લે તેવી આપણી સંસ્થાની પ્રણાલી છે. ધાર્મિક સંસ્કાર અને સંસ્કૃતિના જતન માટે યોજાતા ધાર્મિક કાર્યક્રમમાં પરંપરાના ભાગ રૂપે આ વર્ષે સમૂહ નવચંડી યજ્ઞનું આયોજન સર્વેની માંગને અનુસરીને ગાંધીનગર મુકામે કરેલ છે.

નવચંડી યજ્ઞ એ દેવી દુર્ગા અને તેમના નવરૂપોને પ્રસન્ન કરવા માટેનો એક અત્યંત શક્તિશાળી અને પવિત્ર ધાર્મિક અનુષ્ઠાન છે. આ યજ્ઞ કરવાથી નકારાત્મકતા ઉર્જા નાશ પામે છે. અને સકારાત્મકતા સંચાર થાય છે. જીવનના તમામ પ્રકારના સંકટો, દુ:ખો તથા ભય માંથી મુક્તિ મળે છે. ગ્રહદોષ શાંતિ મળે છે. માતા દુર્ગાના નવ સ્વરૂપોની આરાધનાથી સાધકની તમામ ઈચ્છા અને જરૂરીયાત પૂર્ણ થાય છે. હવન અને મંત્રોચ્ચાર દ્વારા વાતાવરણ પવિત્ર અને ઉર્જાવાન બને છે.

સર્વે શક્તિઓનું મૂળ આધશક્તિ-નવચંડી છે. બધા દેવો પણ આ શક્તિના ધ્યાનમાં લીન રહે છે. તેથી દરેક મનુષ્યે જગદંબા-દુર્ગા દેવીની આરાધના કરવી જોઈએ. નવચંડી યજ્ઞથી નવદુર્ગા પ્રસન્ન રહે છે.

આ વર્ષે ધાર્મિક ઉત્સવ તરીકે તા. ૨૭/૧૨/૨૦૨૬ ના રોજ નવચંડી યજ્ઞનું આયોજન કરેલ છે.
સ્થળ : ગાયત્રી મંદિર, સેક્ટર-૧, ચ - રોડ, ચ ૧ ના બસસ્ટેન્ડ સામે, મહાકાલેશ્વર મંદિરની બાજુમાં, ગાંધીનગર, સવારે ૮-૩૦ કલાકે
આ પ્રસંગે મુખ્ય યજમાન, અને ભાવિક યજમાન એ રીતે બે વિભાગમાં યજમાનોની નોંધણી થશે.

યજમાનનો પ્રકાર	યજમાન અનુદાન	ભેટની રકમ
મુખ્ય યજમાન		રૂા. ૩૧૦૦૦/-
ભાવિક યજમાન		રૂા. ૨૧૦૦/-

યજમાન થનાર કુંટુબો દીઠ નિશ્ચિત અનુષ્ઠાન આવશ્યક રહેશે. નોંધણી કરનારને આ માટે જરૂરી માગદર્શન આપવામાં આવશે. વહેલા નોંધણી કરાવવાથી જરૂરી અનુષ્ઠાન સરળ રહેશે. શ્રધ્ધાળુ, ઉત્સાહીત જ્ઞાતિબંધુઓને વહેલાસર નોંધણી કરાવી દેવા વિનંતી છે.
મહાપ્રસાદ માં યજમાન તથા જ્ઞાતિબંધુઓ માટે પાસનું વિતરણ તા. ૧૫/૧૧/૨૦૨૬થી શરૂ થશે. આગોતરા આયોજન માટે હાજર રહેનાર સભ્યોના પાસ તથા પુજામાં બેસવા માટેના નામ તા. ૧૫/૧૨/૨૦૨૬ સુધીમાં નીચે દર્શાવેલ કમિટીના સભ્યો પાસે નોંધાવી દેવા વિનંતી છે. તથા જ્ઞાતિની ઓફીસે પણ વ્યવસ્થા કરેલ છે. બ્રહ્મભોજન માટે તથા બ્રહ્મભોજન ના ફંડ માટે ઉદાર હાથે ફાળો આપવાની નમ્ર અપીલ કરીએ છીએ. ઉપરાંત આખા બ્રહ્મભોજનના સ્પોનસર થવા માટે ઈચ્છા હોય તો પણ આવકાર્ય છે. ભોજનનો બગાડ ન થાય અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સમયસર જોઈતા પાસ લઈ લેવા વિનંતી છે તથા ભોજન પાસનું કોઈ શુલ્ક રાખવામાં આવેલ નથી.

શ્રી અરવિંદભાઈ બી. કનાડા	**૯૮૯૮૪ ૩૨૪૧૧**	**શ્રી રાજેન્દ્રભાઈ બી. કનાડા**	**૯૮૭૯૧ ૬૩૮૨૨**
શ્રીમતી કિર્તીબેન એ. જાની	**૯૯૯૮૪ ૦૫૫૨૫**	**શ્રીમતિ રૂપાબેન એચ. પંડયા**	**૯૪૨૭૮ ૦૬૮૬૫**
ડો. કિસ્મતભાઈ ત્રિવેદી	**૯૯૯૮૬ ૫૦૫૩૨**		

વડીલોનું સન્માન

તા.૨૭-૧૨-૨૦૨૬ ના ધાર્મિક કાર્યક્રમ દરમ્યાન દર વર્ષની જેમ જ્ઞાતિના ૬૫ વર્ષ કે તેથી ઉપરની ઉમરના વડીલોનું સન્માન તથા જે દંપતિઓએ લગ્નજીવનના ૫૦ વર્ષ પુરા કર્યા હોય તેમનું સન્માનનો કાર્યક્રમ રાખેલ છે. સભ્યોને વિનંતી છે કે તેઓનાં નામ અને વિગત સંસ્થાના કોઈપણ હોદ્દેદારને તા.૨૦-૧૨-૨૬ સુધીમાં પહોંચતા કરવા.

સમાજના સર્વે સભ્યોને વિનંતી છે. આપણા સમાજ ની વેબસાઈટ ઉપર પણ આ સરક્યુલર મૂકેલ છે. તથા વોટસઅપ ગ્રુપમાં પણ મૂકેલ છે. બાકી જે સભ્યોએ વેબસાઈટ ઉપર પોતાનું રજીસ્ટ્રેશન ન કર્યું હોય તે જલ્દી પોતાનું રજીસ્ટ્રેશન કરી દે તે બાબતે કોઈપણ તકલીફ હોય તો આપણા સમાજના સભ્ય શ્રી તેજસભાઈ દવેનો સંપર્ક કરવો જેનો મોબાઈલ નંબર આગળ આપેલ છે.

સરક્યુલર પોસ્ટની અનિયમિતતા ને કારણે મળવામાં મુશ્કેલ થાય તો જેમને પણ જલ્દી મળે તે પોતાના બધાંજ સ્નેહી જ્ઞાતિબંધુઓને જાણ કરે.

નોંધ : આથી સમાજના સર્વે સભ્યોને વિનંતી છે કે ભોજનના પાસ જેટલી સંખ્યામાં જરૂરિયાત હોય તેટલા જ લેવા, અન્ન દેવતા છે. અન્નનો બગાડ ન થાય તેમની નૈતિક જવાબદારી સર્વે સભ્યોની છે.

નરેન્દ્ર એન. ભટ્ટ
પ્રમુખ

દક્ષેષકુમાર જે. દવે
મંત્રી

બુક-પોસ્ટ

પ્રતિશ્રી
શ્રીમાન/શ્રીમતી

રવાના
મોનેક્ષ માર્કેટીંગ, પહેલોમાળ, સંઘવી ચેમ્બર્સ, પોલીસ સ્ટેશન પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯, ફોન : ૦૭૯-૨૬૪૨ ૫૭૮૦

શ્રી શિહોર સંપ્રદાય ઔદીચ્ય અગિયારસો બ્રહ્મસમાજ